ગુજરાત સહકારી મંડળી અધિનિયમ,૧૯૬૧.

રીઝર્વ ફંડમાંથી નાણાં વાપરવા બાબત..

ગુજરાત સરકાર,
ખેતી,વન અને સહકાર વિભાગ,
ઠરાવ નં:ગસબ/૪૭૭૫/૩૩૧૦૦-સી,
તા:૨૨મી નવેમ્બર,૧૯૭૫.

વંચાણમાં લીધો:-અમદાવાદ ખાતેના ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના રજીસ્ટ્રારશ્રીનો તા.૧૫-૯-૭૫નો પત્ર નં.સકક-૧૧-અ-૨૫૬૬.

## સરકારી ઠરાવ.

સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૬૭ હેઠળ મંડળીના રીઝર્વ ફંડ અંગે જોગવાઇ કરવામાં આવેલ છે.તેની પેટા કલમ:૨:માં નિર્દિષ્ટ હેતુઓ માટે સરકારશ્રીની પૂર્વ-મંજુરી લઇને વાપરી શકાય છે.પણ આ બાબતમાં કોઇ નિયત ધોરણ,માપ દંડ,વિ.નક્કી કરવામાં આવેલ નથી.રીઝર્વ ફંડ ઉપર મંડળીની નાણાંકીય સ્થિતિ તથા કરજ કરવાની શક્તિ આધાર રાખે છે.આ બાબત લક્ષમાં રાખીને નીચે પ્રમાણે માપ દંડ તથા માર્ગ-દર્શક નિયમો અને તેની નક્કી કરવાનું સરકાર ઠરાવે છે:-

:૧:મંડળી પાસે સરકારશ્રીનું,મધ્યસ્થ ધીરાણ સંસ્થાનું કે અન્ય ધીરાણ સંસ્થાનું મુદત વીતી લહેણું હોવું જોઇએ નહી,તેમજ રીઝર્વ ફંડમાંથી ફાળો આપ્યા પછીની તારીખથી એક વર્ષ સુધીમાં મંડળીએ ચુકવવાની થતી લહેણી રકમને તે ચુકવી આપવા અંગે,ફાળો આપવાના કારણે,કોઇ પણ જાતની અસર પહોંચવી જોઇએ નહિ.

:૨:મંડળીમાં ખરાબ અને શકમંદ લ્હેણા માટે પુરતી જોગવાઇ હોવી જોઇએ.જો આવી કોઇ અલગ જોગવાઇ ન હોય તો ફાળો આપ્યા પછી રીઝર્વ ફંડ ખાતે બાકી રહેતી રકમ એકત્રીત ખરાબ લહેણા અને શકમદ લહેણાની જરુરી જોગવાઇની રકમ કરતા ઓછી હોવી જોઇએ નહિ.

:૩:જો મંડળી થાપણો સ્વીકારતી હોય તો આવી ફાળો આપ્યા પછી પણ મંડળીમાં પુરતી તરતી ભંડોળો રહેવા જોઇએ.

:૪:ફાળો આપ્યાની તારીખે મંડળીનુ મુદતવીતી લહેણુ ૧૦ ટકાથી વધારે હોવું જોઇએ નહી.

:૫:જો મંડળીને સરકારશ્રીનો શેરફાળો મળ્યો હોય તો ફાળો આપ્યા પછી બાકી રહેતી રીઝર્વ ફંડ અને મંડળીના પોતાના શેર ભંડોળની એકત્રિત રકમ મંડળીને મળેલ સરકારી શેર ફાળાની રકમ કરતા ઓછી હોવી જોઇએ નહિ.

:૬: આવો ફાળો રીઝર્વ ફંડના ૨૦ ટકાથી વધુ હોવો જોઈએ નહી.

૨. આ વિભાગની ફાઈલ નં. ગસભ/૪૩૭૫/૩૩૧૦૦-સી ઉપર નાણાકીય સલાહકારશ્રીની તા. ૨૩-૧૦-૧૯૭૫ની નોંધથી સહમતી મેળવીને આ હુકમો કરવામાં આવે છે.

રાજ્યપાલશ્રીના હુકમથી અને તેઓશ્રીના નામે,

(ક. પી. શુકલ)
સેકશન અધિકારી,
ખેતી, વન અને સહકાર વિભાગ.

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ,
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ શાખા, રાજકોટ,
નાણા શાખા, ખેતી, વન અને સહકાર વિભાગ,
ખેતી, વન અને સહકાર બી.ડી.વી અને સ શાખાઓ,
બ્રાન્ચ કલેકશન,
સીલેકટ ફાઈલ.